# 'હું બાલુભાઈ...'

--રોહીત પંડ્યા

તમે બાલુભાઈને પહેલી વાર મળ્યા લગભગ ત્રીસેક વર્ષ પુર્વે. ખરેખર તો તમે જોયા જ હતા; મળ્યા નહોતા. મળવાનું તો પછી થયું. અવારનવાર થયું.

સાંજનો સમય હતો. હોબોકનની એક સાંકડી ગલીમાં, માથામાં બરાબર તેલ નાખી વ્યવસ્થીત વાળ ઓળીને , બુશકોટ-લેંઘામાં સજ્જ થઈને, પગમાં રબરનાં સ્લીપર પહેરીને એક માણસ ફુટપાથની ધાર પર ઉભો હતો. લાગતું'તું કે કોઈની રાહ જોઈ રહ્યો હતો. ઉંચી ડોકે સામેથી આવતી બધી કારને જોઈ રહ્યો હતો. કોઈ કાર ધીમી પડતી લાગે કે તરત જ ફુટપાથની ધાર પરથી નીચે આવીને બે પાર્ક કરેલી કારની વચ્ચે ઉભો રહી જતો. કોઈક ડ્રાઈવર કાર પાર્ક કરવાની ચેષ્ટા કરે તો તે હાથથી આગળ વધવાની સંજ્ઞા કરતો અને તે ના માને તો 'ધીસ ઈઝ માય પાર્કીંગ' બોલીને કારની જગ્યાએ ઉભો રહેતો.

એ માણસનું નામ હતું બાલુભાઈ. પછી ખબર પડી કે બાલુભાઈનું તો એ રુટીન હતું અને તેમની પાસે કોઈ કાર પણ નહોતી. મીત્રને મદદ કરવાના ધર્મે જ્યારે જ્યારે પણ ભીડ પડે ત્યારે મીત્ર માટેનું કારનું પાર્કીંગ બાલુભાઈ સાચવતા. તે દીવસે તો તમે માત્ર જોયા જ હતા, પછી મળવાનું પણ ભાગ્ય પ્રાપ્ત થયું. તેમણે જાતે જ તેમનો પરીચય આપ્યો. 'હું બાલુભાઈ.' જે રીતે તેમણે 'હું બાલુભાઈ' કહ્યું કે તે પછી કોઈથી ક્યારેય 'બાલુ' બોલી શકાયું નથી. કેટલાંક નામો જ એવાં હોય છે કે 'ભાઈ' ઉમેર્યા વગર અધુરાં લાગે. બાલુ એમાંનું એક છે.

તમે બાલુભાઈને જોયા, મળ્યા અને પછી લાગ્યું કે તમે પહેલાં પણ આ માણસને મળી ચુક્યા છો. તમારી સાથે જ લગભગ ઉછર્યા. સાથે સાથે જ લખોટી અને ગીલ્લી-દંડા રમ્યા. ગળામાં દફ્તર ભેરવીને સ્કુલમાં સાથે જ ભણતર લીધું. તમે જ ક્યાંક ગોથું ખાઈ ગયા. બાકી બાલુભાઈ કેમ ભુલાય? બાલુભાઈ તમારી આસપાસ જ હતા. સચરાચર-સર્વવ્યાપી. એ જ બુશકોટ-લેંઘો અને રબરનાં સ્લીપર પહેરીને કારપાર્કીંગ સાચવીને ઉભા રહેલા બાલુભાઈ. ક્યારેક તમે તેમને ઝભ્ભો અને લુંગીમાં પણ જોયા હોય તો ક્યારેક શર્ટ, પૅન્ટ અને શુઝમાં પણ જોયા હોય. જો કે ત્યારે અંદર બીજું પણ પૅન્ટ હોય જ; કારણ કે સેલમાં આવેલું પૅન્ટ તેમની સાઈઝમાં મળે જ નહીં અને સેલ-પ્રાઈઝ એટલી સસ્તી હોય કે લેવાનો લોભ રોકાય નહીં. એટલે બાલુભાઈ મોટી સાઈઝના પૅન્ટ નીચે બીજું રેગ્યુલર સાઈઝનું પૅન્ટ પહેરી લે. શીયાળામાં તો એ વ્યવસ્થા ખુબ કામ લાગતી. એવું જ શુઝની બાબતમાં. તેમના પગ નાજુક અને નાના. સેલમાં એમની સાઈઝ મળે જ નહીં. શુઝ એટલા તો ગમી જાય કે બાલુભાઈ લઈ જ લે અને પછી બે જાડાં મોજાંની જોડ પહેરી લે અથવા તો ડબલ સખ્તરી નાખી લે.

બાલુભાઈ આમ તો મુળ વડોદરાના; પણ સાચું પુછો તો બાલુભાઈને સ્થળ અને કાળનાં બંધનોમાં બાંધી ન શકાય. તે વડોદરાના પણ હોઈ શકે અને અમદાવાદના પણ, આણંદના હોઈ શકે તો નડીયાદના પણ. તે હોબોકનમાં હોઈ શકે તો એડીસનમાં પણ હોઈ શકે. તમે તેમને પટેલ બ્રધર્સમાં નીરાંતે કાળજીપુર્વક કુણાં ટીંડોળાં વીણતા જોઈ શકો અથવા તો ડાઘ વગરની વાલોર. ગમે તે સ્ટોરમાં, ગમે ત્યારે, કીમત લખેલી હોય તો પણ ભાવતાલની રકઝક કરતા જોઈ શકો. તે જ્યારે કારનું પાર્કીંગ સાચવતા ન હોય ત્યારે તમે તેમને મંદીરમાં જોઈ શકો, મુરારીબાપુની રામકથામાં કે રમેશભાઈની ભાગવત સપ્તાહમાં જોઈ શકો. બાલુભાઈ અત્યંત ધાર્મીક અને ગીતામાં વર્ણવેલ સ્થીતપ્રજ્ઞ. હજી સુધી કમ્પ્યુટરને તેમણે હાથ સુધ્ધાં લગાડ્યો નથી. ક્યાંક આંકડાઓની વાત આવે તો તરત વેઢા ગણવા માંડે. હજી પણ 'ગુજરાત સમાચાર' નીયમીત વાંચે છે અને સાંજે જમીને આંટો મારવા નીકળે ત્યારે ગલોફામાં માણેકચંદ ભરીને પાડોશના કૅન્ડી સ્ટોરમાં જઈને અડધો કલાક તડાકા મારી આવે છે. દુનીયા આખી દોડતી હોય અને બાલુભાઈને જુઓ તો કારનું પાર્કીંગ સાચવીને ઉભા હોય. 'લાઈફમાં

બહુ મગજમારી ન જોઈએ.' તમને એ વાક્યનો અર્થ ક્યારેય સમજાયો નથી અને તેથી જ એમાં કોઈક ગુઢ રહસ્ય છુપાયું હશે એવું તમે માનો છો.

બાલુભાઈને તમે ભોંયતળીયાના માણસ કહી શકો. હજી આજે પણ બેઝમેન્ટમાં રહે છે પત્ની સાથે. બાળકો બેઝમેન્ટમાં જ જનમ્યાં, ઉછર્યાં, મોટાં થયાં, પરણી ગયાં, પોતાનું ઘર વસાવ્યું; પણ બાલુભાઈ ત્યાંના ત્યાં જ. એવું નથી કે એમને કશી ઈચ્છાઓ નથી, કશી મહેચ્છાઓ નથી. બાકી નાની નાની ઈચ્છાઓમાં, નાનાં નાનાં સુખોમાં એ રાચતા અને સંતોષ એ જ સાચું ધન માની જીવતા. અઠવાડીયામાં બે-ત્રણ હીન્દી ફીલ્મો જોવાની. એક વાર પીઝા અને એક વાર પાણીપુરી ખાવાનાં તે ખાવાનાં જ અને તે પણ ઘરે જ. બહારનો પીઝા તેમને ન ભાવે. ગળામાં ડચુરો બાઝે અને પાણીપુરીનું પાણી તો તેમની પત્નીના હાથનું જ ભાવે. ક્યારેક બહુ ખુશ થઈ જાય તો બોલી નાખે, 'ચાલ, આપણે પાણીપુરીનો ખુમચો ખોલી નાખીએ.' બસ એટલું જ, પછી કંઈ નહીં. 'લાઈફમાં બહુ મગજમારી નહીં જોઈએ.' અને એટલે જ કોઈક રેસ્ટોરાંમાં અચાનક-અકસ્માતે પણ તેમનો ભેટો તો થાય જ નહીં. ક્યારેય કોઈ મેળાવડામાં, ઉજવણીમાં, ઉત્સવમાં ક્યાંય તમને બાલુભાઈ ન મળે. ભીડથી એ દુર ભાગે છે અને એટલે જ ત્રીસ વર્ષ પહેલાં તમે જે બાલુભાઈને જોયા હતા એ આજે પણ એવા ને એવા જ લાગે છે. જળકમળવત્ જીવ્યે જાય છે, ટેફ્લોનનું કવચ ધારણ કરીને.

આજથી લગભગ ત્રીસેક વરસ પહેલાં બાલુભાઈ પોતાનું ગામ છોડીને અમેરીકા આવ્યા ત્યારે ડૉલરનો ભાવ પાંચ રુપીયા હતો અને ત્યારે તેમણે નક્કી કર્યું હતું કે પાંચેક વરસ રહીને તનતોડ મહેનત કરીને લાખ-બે લાખ રુપીયા બનાવીને પાછા ઈન્ડીયા જતા રહેવું. અમેરીકામાં તેમને અલીબાબાની ગુફા મળી ગઈ.'ખુલ જા સીમ સીમ'ની સાથે ગુફા ખુલી ગઈ. ડૉલરનો ભાવ હવે આજે લગભગ ૪૫ રુપીયા થઈ ગયો. લાખ- બે લાખ નહીં પણ લાખ્ખો રુપીયા બચાવ્યા છે. ગુફાનો દરવાજો બંધ છે. બાલુભાઈ મંત્ર ભુલી ગયા છે અને ગુફાનો દરવાજો ખુલતો નથી.◆

--રોહીત પંડ્યા (અમેરીકા)

બે દાયકાથી, પેન્સીલવેનીયા-અમેરીકાથી પ્રકાશીત થતા ભાઈ કીશોર દેસાઈના ત્રૈમાસીક 'ગુર્જરી'ડાયજેસ્ટના જુલાઈ-૨૦૦૪ના અંકમાંથી સાભાર....

સંપર્ક : rohitpandya@hotmail.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : 91 -- માર્ચ 4, 2007

'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : અક્ષરાંકન: uttamgajjar@hotmail.com



## લેખક પરીચય

જો રોહીત પંડ્યા કોઈ પણ પબ્લીક ઑફીસની ચુંટણીમાં ઉભા રહે તો એમને એકે વોટ ન મળે. એમનાં પત્ની રક્ષા પંડ્યાનો પણ નહીં. કારણ કે આ માણસને બડાઈ મારતાં નથી આવડતું , જુઠું બોલતાં નથી આવડતું, કોઈને છેતરતાં નથી આવડતું. કોઈ પણ કવી સંમેલનમાં ફોટામાં એમને લેવા મીત્રોએ એમને આગળ ખેંચવા પડે છે. ખુબ ઉંચી અને ગહન વીનોદ વૃત્તી ધરાવતા નાટ્ય લેખક, રોહીતભાઈ ન્યુ યોર્કના પોતાના ઘરની પાછળ બેકયાર્ડમાં પત્નીના સહકારથી ભાવકોની સમક્ષ એકાંકીઓ ભજવી અમરીકામાં નાટ્ય-પ્રવૃત્તી જીવતી રાખે છે. આજથી વીસ વરસ પહેલાં, આ યુગલે પોતાના ઘરમાં સાહીત્ય-સર્જકોને ભેગા કરી 'સાઠ દીન'ની પ્રવૃત્તી શરુ કરી. દર બે મહીને કવીઓએ અને લેખકોએ નવું લખીને લાવવાનું અને જે લખે તે જ આવે. એમણે ન્યુ યોર્ક—ન્યુ જર્સી માં કેટલાય સર્જકોને લખતા કર્યા. પોતાના ઘરના કીચન ટેબલ પરથી શરુ થયેલી આ પ્રવૃત્તી આજે મોટા હૉલમાં પહોંચી ગઈ છે. લગભગ ચાર દાયકાથી અમેરીકામાં રહેતા

રોહીતભાઈ અમેરીકાના ગુજરાતીઓનું ગૌરવ છે. તેમણે આજ સુધીમાં ચાર વાર્તા સંગ્રહો અને એક નવલકથા આપ્યાં છે. તાજેતરમાં જ **'ફરી પાછો કોલંબસ અમેરીકામાં'** નાટ્યસંગ્રહ સાથે અગાઉનાં બીજાં બે નાટ્યસંગ્રહો પણ પ્રગટ કર્યાં છે.

--**હરનીશ જાની** (ન્યુ જર્સી, અમેરીકા) અને **ઉત્તમ ગજ્જર** (સુરત)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : 91 -- માર્ચ 4, 2007

દર રવીવારે 'સન્ડે ઈ-મહેફીલ' મેળવવા લખોઃ uttamgajjar@hotmail.com

માત્ર તેર માસના ગાળામાં **2,25,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં <http://www.gujaratilexicon.com> **લૅક્સીકોન**ની મુલાકાત લીધી. આપને પણ **લૅક્સીકોન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.

આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ-મહેફીલ**ના **ચાર હજાર** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..**સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટ પરથી તથા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી પણ સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લૅક્સીકોન** અને **ઓપીનીયન**ની મુલાકાતે પણ જઈ શકાશે..

**શ્રી. પ્રવીણ વાઘાણી** (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતું **'માતૃભાષા'** માસીક પણ હવે ત્યાં મુકાશે.

**Kindly send your suggestions to**
**Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com**

◆◆◆ *મધુરેણ સમાપયેત્* ◆◆◆




મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com **web site** : www.ameamericanamdavadi.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : 91 -- માર્ચ 4, 2007

'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : **અક્ષરાંકનઃ** uttamgajjar@hotmail.com

◆◆◆ ● ◆◆◆ ● ◆◆◆